# ૧૨મીએ વડાપ્રધાન દ્વારા રૂા.૨૪૫૨ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત

ગાંધીનગર, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨ મે ના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રૂ.૨૪૫૨ કરોડના વિવિધ વિભાગોના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં શહેરી વિકાસ વિભાગના રૂ.૧૬૫૪ કરોડ, વોટર સપ્લાય વિભાગના રૂ.૭૩૪ કરોડ, માર્ગ અને વાહનવ્યવહાર વિભાગના રૂ.૩૯ કરોડ તેમજ ખાણ અને ખનિજ વિભાગના રૂ.૨૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. શહેરી વિકાસ વિભાગ દ્વારા મહેસાણાના કસ્બામાં ૧૮.૪૬ MLD ક્ષમતાના અને નાગલપુરમાં ૨૩.૧૮ MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (STP) તેમજ અમદાવાદમાં બાપુનગર સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ ખાતે ૩૦ MLD ક્ષમતાના STP તેમજ રાઈઝિંગ મેઈનનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત, દહેગામ ખાતે ઓડિટોરિયમનું લોકાર્પણ તેમજ અમદાવાદમાં એસપી રિંગ રોડ અને મુમદપુરા ક્રોસિંગ પાસે ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. આ સાથે જ શહેરી વિકાસ વિભાગ હેઠળ અમદાવાદમાં ગોતા ખાતે તેમજ અમરાઈવાડી ખાતે નવા વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન, ગેલેક્સી સિનેમા જંક્શન, દેવી સિનેમા જંક્શન અને નરોડા પાટિયા જંક્શનને જોડતો ફોર લેન ફ્લાયઓવર બ્રિજ, વાડજ તેમજ સતાધાર જંક્શન ખાતે ફોર લેન ફ્લાયઓવર બ્રિજ, એએમસીના વિવિધ ટીપી રોડ્સનું રિગાર્ડેશન અને રિસર્ફેસિંગ તેમજ અન્ય વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કરવામાં આવશે. પાણી પુરવઠા વિભાગ હેઠળ ઓગમેન્ટેશન પ્રાદેશિક પાણી પુરવઠા યોજના પેકેજ- ૧, ૨ અને ૩નું લોકાર્પણ કરવામાં આવશે. આ સાથે જ ચેસણ બ્યુલ પાઈપલાઈન તેમજ લાભોર અને જલુન્દ્રા જૂથ પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાનું ખાતમુહુર્ત પણ કરવામાં આવશે.

## ૬૮ નવી ખાનગી માધ્યમિક શાળા બનાવવા બોર્ડની મંજૂરી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગઈકાલે રાજ્યમાં નવી ખાનગી માધ્યમિક શાળાઓ બનાવવા માટેની ૬૮ અરજીઓને મંજૂરી આપી છે. બોર્ડે નવા શૈક્ષણિક વર્ષ માટે નવી શાળાઓની બનાવવા માટે અરજીઓ આમંત્રિત કરી હતી જેમા બોર્ડને ૨૩૪ અરજીઓ મળી હતી. રાજ્યમાં દર વર્ષે નવી ખાનગી સકૂલો શરુ થાય છે. રાજ્યમાં નવી ખાનગી માધ્યમિક શાળાઓની મંજૂરી માટેની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. શિક્ષણ બોર્ડ પાસે ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષ માટે આવેલી ૨૩૪ અરજીમાંથી ૬૮ અરજીઓને માન્ય રાખવામાં આવી છે. આગામી થોડા દિવસોમાં બોર્ડ બંને માધ્યમો માટે નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મંજૂર કરાયેલ અરજીઓની જાહેરાત કરશે. બોર્ડે નવી શાળાઓને મંજૂરી આપવા માટેના નિયમોમાં ફેરફાર કર્યો છે અને નવા નિયમો હેઠળ મેનેજમેન્ટે દર્શાવવું પડશે કે તેની પાસે રમતના મેદાન માટે પૂરતી જમીન છે અને શાળાના તમામ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

**શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ટ્વીટ કરીને આપી માહિતી**

## ગુજરાતમાં ખાલી પડેલી જગ્યાઓ પર આચાર્યોની ભરતી જાહેર થઈ

**શાળાઓમાં હાલ ૩૦૦૦થી વધુ આચાર્યોની જગ્યા ખાલી છે, ત્યારે હાલ ૧૯૦૦ જેટલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા**

ગાંધીનગર, તા.૧૦

આચાર્ય પસંદગી સમિતિની આજે ગાંધીનગરમાં મહત્વની બેઠક મળી હતી. જેમાં શાળાઓના આચાર્યોની ભરતી અંગે મહત્વનો નિર્ણય લેવાયો છે. રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા આચાર્યની ભરતી જાહેર કરવામાં આવી છે. ૧૯૦૦ જેટલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ સંદર્ભે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ટ્વિટ કરી માહિતી આપી છે. ગાંધીનગરમાં આજે આચાર્ય પસંદગી સમિતિની બેઠક મળી હતી. જેમાં રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભરતી અંગે નિર્ણય લેવાયો છે. આ સંદર્ભે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ટ્વિટ કરી માહિતી આપી છે કે ૧૯૦૦ જેટલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોની અંદાજીત ૧૯૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયાનો પ્રારંભ કરેલ છે. ટુંક સમયમાં જ રાજયની ગ્રાન્?ટેડ શાળાઓને આચાર્યો મળી શકે તે માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ત્વરિત સંબંધિત કાર્યવાહી પુરી કરવામાં આવશે.ઉલ્લેખનિય છે કે, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલ ૩૦૦૦થી વધુ આચાર્યોની જગ્યા ખાલી છે, ત્યારે હાલ ૧૯૦૦ જેટલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરી છે.

# આગામી પાંચ દિવસ રાજ્યમાં ગરમીનો પારો વધશે

**રાજસ્થાનને અડીને આવેલા ગુજરાતના ઉત્તર ભાગ સહિત રાજ્યના મધ્ય અને પૂર્વના જિલ્લાઓમાં ગરમી વધી શકે છે**

અમદાવાદ, તા.૧૦

આ વર્ષે રાજ્યમાં માવઠાના માર બાદ ઉનાળાની ગરમી આક્રમક બની રહી હોય તે રીતે જાણે આકાશમાંથી અગનવર્ષા વરસી રહી છે. છેલ્લા ત્રણથી ચાર દિવસથી ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં તાપમાનનો પારો આનાથી વધારે ઊંચકાશે. આટલી ગરમીમાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે તો તાપમાનનો વધારો થશે તો લોકોની હાલાકીમાં વધારો થશે. મંગળવારે ગાંધીનગરમાં સૌથી વધુ ૪૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. બીજી તરફ મોચા વાવાઝોડાની અરસને કારણે રાજ્યમાં હવામાન સૂકું રહેવાની આશંકા વર્તાઈ રહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર, ડો. મનોરમા મોહંતીએ આગાહી અંગે જણાવતા કહ્યુ છે કે, આગામી પાંચ દિવસ રાજ્યમાં માવઠું થવાની સંભાવના દેખાઇ નથી રહી. મોટાભાગે હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે. દિવસના તાપમાનમાં વધારો થવાની સંભાવનાઓ છે. જેમાં આગામી ચાર-પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, રાજસ્થાનને અડીને આવેલા ગુજરાતના ઉત્તર ભાગ સહિત રાજ્યના મધ્ય અને પૂર્વના જિલ્લાઓમાં ગરમી વધી શકે છે. રાજ્યનાં અનેક વિસ્તારોમાં તાપમાન વધીને ૪૨થી ૪૪ ડિગ્રી સુધી જવાની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાઈ પટ્ટીના ભાગો જેવા કે, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, અમરેલીમાં તાપમાન વધીને ૪૦ ડિગ્રી સુધી જઈ શકે છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ અને નવસારીમાં પણ ૪૦ ડિગ્રી સુધી તાપમાન નોંધાઈ શકે છે. આજે એટલે અમદાવાદમાં ૧૦ મેના રોજ તાપમાન ૪૩ ડિગ્રી અને ૧૧ મેના દિવસે ૪૪ ડિગ્રી રહેવાની આગાહી કરવામાં આવી છે.

ત્યારબાદ ૧૨થી ૧૪ મેના દિવસોમાં ૪૩ ડિગ્રી તાપમાન રહેવાનું અનુમાન હવામાન વિભાગે કર્યુ છે. ગાંધીનગરમાં પણ અમદાવાદની જેમ જ મહત્તમ તાપમાનનો પારો ઊંચો જવાની શક્યતાઓ છે. એએમસી મેડિકલ આરોગ્ય અધિકારી ડો. ભાવિન સોલંકીએ આ અંગે જણાવ્યુ હતુ કે, 'અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, નેચરલ રિસોર્સ ડિફેન્સ કાઉન્સિલ, અમેરિકા અને IMD અમદાવાદના સહોયગથી અમદાવાદમાં હિટ એક્શન પ્લાન-૨૦૨૩ અમલમાં મૂકવામાં આવ્યો છે. તેના અનુસંધાને IMD અમદાવાદ દ્વારા આવનાર પાંચ દિવસ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આ સાથે તેમણે જણાવ્યુ કે, 'આગામી પાંચ દિવસ શહેરમાં ગરમીનો પારો વધશે. તે અંતર્ગત એએમસી આરોગ્ય ટીમ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

## ટીંટોડાના બોપલા તળાવના બ્યુટીફિકેશન અને રિસ્ટોરેશનનો આરંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ટીંટોડા ગામમાં આવેલા બોપલા તળાવની જૈવ વિવિધતા જળવાઈ રહે અને તેનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી આ તળાવનું રીસ્ટોરેશન કરવામાં આવી રહ્યું છે. જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયા લિમિટેડના સહયોગથી આ તળાવના રીસ્ટોરેશનની કામગીરી કરવામાં આવી છે. આ તળાવના રીસ્ટોરેશન થતા ૧૦ એકર વિસ્તારમાં ૧૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થઈ શકશે. આ જળાશયથી આસપાસનો વિસ્તાર ફરી હરિયાળો બની શકશે.

ગાંધીનગર-દક્ષિણના ધારાસભ્યશ્રી અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી હિતેશભાઈ કોયાના પ્રયાસોથી આ પુનઃસ્થાપન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે.





આ તળાવને મનોરંજનના કેન્દ્ર તરીકે વિકસાવીને સુશોભિત કરવામાં આવશે. તળાવની અંદરના ત્રણ ટાપુઓ પર ૧૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. જેના માટે આ વિસ્તારની મૂળ જૈવવિવિધતાને પુનઃસ્થાપિત કરવા અને પક્ષીઓ, મધમાખીઓ, પતંગિયાઓ, જંતુઓને આકર્ષિત કરવા તેમજ વરસાદમાં વધારો કરવા માટે સંપૂર્ણ વસવાટ બનાવવાના માપદંડો પર છોડની પસંદગી કરવામાં આવી છે.

આ સાથે વાંસનું વાવેતર પણ કરવામાં આવશે જે વાતાવરણમાં વધુ ઓક્સિજન છોડવામાં મદદરૂપ થશે તથા તળાવની મદદથી ભૂગર્ભ જળના સ્તરમાં વધારો કરવામાં આવશે. તળાવની આજુબાજુ એક પાથવે પણ બનાવવામાં આવશે અને તેની પાળને વેટીવર ગ્રાસની મદદથી બ્યુટિફાઈડ કરવામાં આવશે. જેથી તળાવની શુદ્ધી જળવાઈ રહેશે અને તેની પાળની મદદ મળી રહેશે. આ કામગીરી માટે જેડ બ્લૂ તરફથી અંદાજે ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

## રવિપાકમાં ઘઉંના પૂરતા ભાવ ન મળતા ખેડૂતો ભારે નિરાશ

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના કહેરથી ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હોય તેમ રવિપાકમાં વાવેતર કરેલા ઘઉંના પૂરતા ભાવો ન મળતા ખેડૂતો પરસેવાની કમાણીના દામો ના મળતા નિરાશ થયા છે.

તો થોડા સમય પહેલા સાવરકુંડલાના એપીએમસી સેન્ટરમાં રૂપિયા ૭૦૦ના ભાવોથી વેચતા ઘઉંના માત્ર ૪૦૦થી ૫૦૦ આસપાસના ભાવ મળતા ખેડૂતો જાયે તો જાયે કહાં જેવું સ્થિતિ નિર્માણ પામી છે.

એપીએમસીના સેક્રેટરી રમેશ રાદડીયા પણ સ્વીકારી રહ્યા છે કે, હાલ ઘઉંની આવક ઘટી છેને કમોસમી વરસાદથી પલળેલા ઘઉં ૪૦૦થી ૪૫૦ સુધી જાય છેને પલળેલા વિનાના ઘઉંના ભાવોમાં પણ ઘટાડો થયો છે.

**મંદિરમાં મોબાઇલ પર પ્રતિબંધ છતાં વીડિયો વાયરલ**

# દેવભૂમિ દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં સુરક્ષાને લઈ મોટી ચૂક

**પ્રતિબંધ હોવા છતાં કોઈ શખ્સ મોબાઈલ લઈને મંદિરમાં ઘૂસ્યો છે તેમજ એટલું જ નહી તેણે વીડિયો પણ ઉતારી વાયરલ પણ કર્યો છે**

દેવભૂમિ દ્વારકા, તા.૧૦

દેવભૂમિ દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં સુરક્ષાને લઈ મોટી ચૂક સામે આવી છે. મંદિરમાં મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ છે પરંતુ એક વીડિયો વાયરલ થયો છે અને જે મંદિરની અંદરનો છે જેના પરથી જાણી શકાય છે પ્રતિબંધ હોવા છતાં કોઈ શખ્સ મોબાઈલ લઈને મંદિરમાં ઘૂસ્યો છે તેમજ એટલું જ નહી તેણે વીડિયો પણ ઉતારી વાયરલ પણ કર્યો છે. મંદિરમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ હોવા છતાં અંદરનો વીડિયો વાયરલ થયો છે. જે વીડિયોમાં જોઈ શકાય છે કે, મંદિરમાં કેટલાક શખ્સોએ ભગવાન દ્વારકાધીશ પર ચલણી નોટ ઉડાવતા જોવા મળી રહ્યાં છે તેમજ ઘણા બધા લોકો મોબાઈલ પર વીડિયો ઉતારતા હોય તેવા પણ દ્રશ્યોમાં જોઈ શકાય છે.

આ વીડિયોને કૃષ્ણપ્રેમીઓ દ્વારકાધીશનું અપમાન માની રહ્યાં છે અને આ ઘટનાથી કૃષ્ણ ભક્તોમાં રોષ પણ જોવા મળી રહ્યો છે. આ પ્રકારે ચલણી નોટ ઉડાવતા અનેક સવાલો પણ ઉઠી રહ્યાં છે. સુરક્ષાની દ્રષ્ટિએ મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે ત્યારે મોબાઈલ કેવી રીતે લઈ જવા દેવાયો તે સૌથી મોટો સવાલ છે અને આ તમામ લોકો સામે કાર્યવાહી થશે કે કેમ તો સૌથી મોટો સવાલ છે.

દ્વારકાધીશ મંદિરની અંદર ચલણી નોટો ઉડાવ્યાનો વીડિયો વાઈરલ મામલે વહીવટી તંત્ર હરકતામાં આવ્યું છે. ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એસ ડી ધાનાણી દ્વારા તપાસના આદેશ અપાયા છે. પ્રતિબંધિત વિસ્તારમાં મોબાઈલ અંદર કઈ રીતે પહોંચ્યો ? વિડીયો કોને બનાવ્યો કોને વાઈરલ કર્યો તે તમામ મુદ્દાઓ પર જિલ્લા વહીવટી તંત્રએ તપાસ હાથ ધરશે.

### ગોઝારો અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેલીંગ વચ્ચે મુસાફરો ચગદાઈ ગયા હતા. મૃતદેહ એકબીજાને ચોંટી જતા ખેંચીને છુટા પાડવામાં આવ્યા હતા. મુસાફરોની ચીસોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. જયારે બે ઈજાગ્રસ્તોને વધુ ઈજા પહોંચી હોવાથી ગાંધીનગર અને ત્યાંરબાદ અમદાવાદ લઈ જવાયા હતા. જયારે અકસ્માતને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હાઈવે પર ગાડીઓની લાબી લાઈનો લાગી હતી. જયારે અકસ્માત બાદ લકઝરી બસનો ચાલક બસ મુકી નાસી ગયો હતો. બનાવ અંગે બસના ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### કોરોનામાં મોત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષે કોરોનાને કારણે પ્રથમ મોત થયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ગત વર્ષે અર્થાત ૨૦૨૨માં ૧૬ દર્દીઓના કોરોનાથી મોત થયા હતા જે નોંધનીય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ પણ ૪ દિવસ બાદ નોંધાયો છે.

જિલ્લાના માણસા તાલુકામાં આ કેસ નોંધાયો છે. માણસા તાલુકાના વેડા પ્રા.આ. કેન્દ્રના ચડાસણા ગામેથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી થયેલ એક દર્દીને તથા શહેરમાં બે દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૫ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. શહેર-જિલ્લામાં હાલ કોરોનાના એક હજાર જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

### વધવા પામી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવ્યુ છે. ૨૦૨૩ના વર્ષમાં મિલ્કતોની સંખ્યા ૧ લાખ ૭૬ હજાર ૪૧૯ થઈ છે.

ગાંધીનગર શહેરમાં વિકાસનું કેન્દ્ર દક્ષિણ ઝોન બનેલ છે. આ ઝોનમાં સરગાસણમાંથી ભાટ અને કોટેશ્વરથી ખોરજ સુધીના વિસ્તારનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં નવી નવી સ્કીમો બની રહી છે અને મનપા વિસ્તારની કુલ મિલ્કતોના ૫૦ ટકાથી વધુ મિલ્કતો આ વિસ્તારમાં આકાર પામી છે.

શહેરના અન્ય બે ઝોનમાં નવી મિલ્કતો દ. ઝોન કરતાં ઓછી મળી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### અંદાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સી વોટર-એબીપી ન્યૂઝના એક્ઝિટ પોલ મુજબ કોંગ્રેસે ઓલ્ડ મૈસૂર રીજનમાં જેડીએસને પાછળ છોડી દીધું છે. આ વિસ્તાર અત્યાર સુધી જેડીએસનો ગઢ રહ્યો છે. આ વિસ્તારમાં કુલ ૫૫ વિધાનસભા બેઠકો છે. અહીં કોંગ્રેસને ૨૮તી ૩૨ અને જેડીએસને ૧૯થી ૨૩ બેઠકો મળી શકે છે. તો, સેન્ટ્રલ કર્ણાટકની ૩૫ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૮-૨૨ અને ભાજપને ૧૨-૧૬ બેઠકો મળી શકે છે. જેડીએસને આ વિસ્તારમાં ૦થી ૨ બેઠક મળી શકે છે.

### કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક યા બીજા કારણોસર રહીશો માટે હેરાનગતિનુ કારણ બને છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા બે દિવસથી પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. એકબાજુ ગરમીનુ જોર પણ વધ્યુ છે. આકરી ગરમીના દિવસોમાં આમ પણ પાણીનો વપરાશ વધી જાય છે શહેરના રહેણાંક વિસ્તાર અને સરકારી કચેરીઓમાં પણ પાણીનો વપરાશ વધ્યો છે. જો કે શિયાળાની સાપેક્ષમાં દરવખતની જેમ તંત્રએ પણ સેકટરોમાં અપાતા સપ્લાયમાં વધારો કરી દેવાયો છે. ગરમીના દિવસોમાં પ્રતિદિન ૧૦ થી ૧૫ એમ એલ ડી જેટલો વપરાશ વધી જાય છે. પરંતુ હાલ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાછતા સેકટરોમાં સપ્લાય આપી શકાયો નથી ટેકનિકલ ખામીના લીધે પણ ઘણીવાર પ્રેશરથી પાણી આપી શકાતુ નથી.

નવા સેકટરોમાં અલબત્ત સે -૧ થી ૧૩ માં છેલ્લા બે દિવસથી પાણીનો સપ્લાય ઘટી ગયો છે. જેના લીધે આગ ઓકતી ગરમીમાં સેકટરોના રહીશો અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ ભરાતી ન હોવાની ફરિયાદો કરી રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર સરિતા ઉદ્યાનનના પમ્પીંગ સ્ટેશનમાં ટ્રાન્સફોર્મર બળી જતા પુરતા પ્રમાણમાં પાણી સપ્લાય કરી શકાતુ નથી હાલ ક્ષતિ નિવારવા ટ્રાન્સફોર્મરની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જો કે આજે આ કામ પુર્ણ કરી દેવાતા ગુરુવારથી રાબેતા મુજબ સપ્લાય પણ આપવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

### પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કેમ કે આ બધા દેશ ભારે માત્રામાં ભારતને સફરજન મોકલે છે. એપ્રિલ ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩માં ભારતે કુલ ૨૬.૦૩ કરોડ ડૉલરના સફરજનની આયાત કરી હતી. તેમાં તૂર્કીયે, ઈટાલી, ઈરાન અને ચિલી ટોચના નિકાસકારોમાં સામેલ હતા. જ્યારે ૨૦૨૧-૨૦૨૨માં ભારતે કુલ ૩૮.૫૧ કરોડ ડૉલરના સફરજનની આયાત કરાઈ હતી. ભારત સરકારનું આ પગલું એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કેમ કે કાશ્મીરના સફરજનના ખેડૂતો છેલ્લા કેટલાક સમયથી ઈરાની સફરજનની આયાત પર પ્રતિબંધ મૂકવાની માગ કરી રહ્યા હતા.

ભારતમાં સૌથી વધુ સફરજનની આયાત તૂર્કીયેથી કરવામાં આવે છે. મિનિસ્ટ્રી ઓફ કોમર્સની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા અનુસાર એપ્રિલ ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે ભારતે તૂર્કીયેથી કુલ ૭.૧૮ કરોડ ડૉલરના સફરજનની આયાત કરી હતી.

### સૈન્ય શાસન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મને છેલ્લા ૨૪ કલાકથી વૉશરૂમ પણ જવા દીધો નથી. તેઓ મને મારી નાખવાનું કાવતરું ઘડી રહ્યા છે. મને ધીમે ધીમે મારી નાખવાનો ઈન્જેક્શન આપી શકે છે. તેઓ મને મક્સુદ ચપરાસીની જેમ મારી શકે છે. ઈસ્લાબાદ હાઈકોર્ટમાં ઈમરાન ખાને આ ટિપ્પણી કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ લોકોની ધરપકડ થઈ ચૂકી છે.

# બાપુનગરમાં વિકાસ એસ્ટેટમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી

**ફાયર બ્રિગેડ ૨૦થી વધુ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી**







અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં બાપુનગરમાં આવેલા વિકાસ એસ્ટેટમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં અમદાવાદ લાગી છે. આગને પગલે ફાયર બ્રિગેડ ૨૦થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી.

આગ બુઝાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. અનિલ સ્ટાર્ચ મિલ પાસે આવેલી ફટાકડાની ફેક્ટરીમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી અને જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતુ. આગ બુઝાવવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવાઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે ૧ કિલોમીટર સુધી ધુમાડાના ગોટેગોટા ઉડ્યા હતા. ભીષણ આગને પગલે ફાયર બ્રિગેડે મેજર કોલ જાહેર કર્યો છે. વિકાસમાં એસ્ટેટમાં ૩૦ જેટલી ફટાકડાની ફેક્ટરીઓ આવેલી છે. આગ બુઝાવવા સતત પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો હતો. આસપાસના વિસ્તારમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. આગને કારણે ગરમીનું પ્રમાણ પણ વધુ છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ બાજુની ફેક્ટરીમાં કર્મચારીઓ ફસાયેલા હતા. સ્થાનિકોનો આક્ષેપ છે કે અહીં લાયસન્સ વિના ગેરકાયદે ફટકડાની ફેક્ટરી ધમધમી રહી છે. અને મંજૂરી વિના મોટા પ્રમાણમાં ફટાકડાનો જથ્થો ફેક્ટરીમાં રાખવામાં આવી રહ્યો છે. ફેક્ટરીની બાજુમાં આવેલા મકાનોમાં પણ આગ પ્રસરી રહી છે. આગની જ્વાળાઓના કારણે અસહ્ય ગરમી લોકોને દઝાડી રહી હતી અને લોકો અહીં રહી શકે તેવી સ્થિતિમાં નથી અને વિસ્તાર છોડી દૂર સ્થળાંતર કરવા લાગ્યા છે. છેલ્લા દોઢ કલાકથી આગ લાગી હોવાનુ જણાવવામાં આવી રહ્યુ હતું. રહેણાંક અને ગીચ વિસ્તાર હોવાથી વિકરાળ આગમાં લોકોના જાનમાલનું પણ નુકસાન રહેલુ છે. ૫ થી વધુ ફેક્ટરીઓમાં પણ આગ લાગેલી છે. વિકાસ એસ્ટેટમાં દારૂખાનાના ૨૦થી૨૫ વધુ ગોડાઉન આવેલા છે. જેના કારણે આગ વધુને વધુ ફેલાઈ રહી હતી. ફટાકડાની ફેક્ટરી હોવાથી સતત બ્લાસ્ટ થઈ રહ્યા હતા. કેટલાક પતરા પણ ઉડી ગયા હતા. ચારેતરફથી સમગ્ર વિસ્તારને કોર્ડન કરી ફાયર બ્રિગેડની ટીમ આગ બુઝાવવાની જહેમતમાં લાગી હતી. વિકાસ એસ્ટેટમાં લાયસન્સ વગર, કોઈ જાતની પરમિશન વગર ૨૦થી ૨૫ ફટાકડાના ગોડાઉન ચાલતા હતા જેમા મંજૂરી કરતા પણ વધુ સ્ટોક રાખવામાં આવ્યો હતો જેના કારણે જ આગ વધુ વિકરાળ બની હતી. આ ગેરકાયદે ધમધમતી ફેક્ટરી સામે કોંગ્રેસના નેતા હિંમતસિંહે પણ કોર્પોરેશનની કામગીરી સામે પણ સવાલ ઉઠાવ્યા છે, તો બીજી તરફ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને આરોપો ફગાવ્યા છે. ભીષણ આગમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓ પણ ઘાયલ થયા છે અને ફાયર બ્રિગેડના ઓફિસરને પણ ઈજા પહોંચી હતી. તેમને પણ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.